

ગરમીનો પ્રકોપ - શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી ગરમીનો પ્રકોપ વર્તાય છે... બપોરે ૧૨ વાગ્યા બાદ અવર-જવર પર સીધી અસર દેખાય છે... દ્વિચક્રી વાહન ચાલકો ગરમીથી બચવા ટોપી અને હાથ સહારો લે છે... વધતા જતા તાપમાનથી વાતાવરણમાં પણ લૂ- અનુભવાય છે... પવન અને ગરમીના કારણે બહેનોને બુકાની બાંધી દ્વિચક્રી વાહનો હંકારવાની ફરજ પડે છે... આજે રવિવારે શહેરના મુખ્ય માર્ગો બપોરના ગાળામાં સૂમસામ ભાસતા હતા... ક્યાંક ક્યાંક વૃક્ષના છાંયામાં રાહદારીઓએ ગરમીથી બચવા વિરામ લેતા હતા...

# વાયબ્રન્ટના એમ.ઓ.યુ. બાદ રોકાણ અને રોજગારી અંગે વિગતો મંગાવાઈ

## વાયબ્રન્ટ-૨૦૧૯ના આયોજનની તૈયારીનો આરંભ કરતાં પૂર્વે મંગાયેલી વિગતોથી તંત્રમાં સન્નાટો

ગાંધીનગર, તા.૧૫

વાયબ્રન્ટ ૨૦૧૩, ૧૫ અને ૨૦૧૭ અંતર્ગત થયેલ એમ.ઓ.યુ.ના સંદર્ભમાં પ્રોજેકટના ખરેખર રોકાણ અને ખરેખર અપાયેલ રોજગારની વિગતોની ચકાસણી કરવા માટે મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીએ જિલ્લા તંત્રો પાસેથી વિગતવાર અહેવાલ માંગ્યો છે.

વાયબ્રન્ટ ૨૦૧૯ની તૈયારીઓ શરૂ કરતાં પહેલાં જિલ્લા કક્ષાએથી આ અંગેની વિગતો મુખ્યંત્રીશ્રી કક્ષાએથી માંગવામાં આવતાં તંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે વાયબ્રન્ટને લઈ મુખ્યમંત્રીના કાર્યાલયમાં કાર્યરત ઈન્ડસ્ટ્રીયલ સેલ દ્વારા દર માસે સમીક્ષા થતી હોય છે. હવે આ સેલે ખરેખર રોજગાર અને ખરેખર રોકાણની વિગતો માંગી છે.

મળતી વિગતો પ્રમાણે રાજયના મુખ્યંત્રીશ્રી રૂપાણી જાતે આ અંગેની સમીક્ષા જિલ્લા કલેકટર અને ડીડીઓની બેઠક બાદ આ સપ્તાહ દરમિયાન જ કરવાના છે.

બિનસત્તાવાર સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે વર્ષવાર થયેલ એમ.ઓ.યુ.ની પ્રોજેટ વાઈઝ સમીક્ષા અને પ્રોજેકટમાં કરેલ રોકાણના પ્રમાણમાં ઉત્પન્ન થયેલ રોજગારીની ચકાસણી કરવા માટે પણ સૂચનાઓ આપવામાં આવી છે.

એવું પણ જાણવા મળેલ છે કે ગ્રામીણ વિસ્તારમાં હાઉસીંગ ક્ષેત્રે થયેલ ધિરાણ અને એમ.ઓ.યુ.ના મુદ્દાની વિગતો સાથેનો વિગતવાર અહેવાલ આપવા તંત્રને જણાવવામાં આવ્યું છે.

જિલ્લા કક્ષાએ એમ.ઓ.યુ. મોનીટરીંગ સમિતિની બેઠકમાં રજુ થયેલી અમલીકરણની ધીમી ગતિ અંગેની વિગતો પણ મુખ્યમંત્રી કક્ષાએ માંગવામાં આવી હોવાથી તંત્રમાં સન્નાટો વધારે જોવા મળી રહ્યો છે.

વાયબ્રન્ટ ૨૦૧૯ની એક તરફ તૈયારીઓ શરુ કરવા માટેની પ્રાથમિક કવાયતો સચિવાલયના તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે ત્યાં જ ખુબ જ ઝીણવટભરી વિગતો સાથે જિલ્લા કક્ષાએથી અહેવાલો માંગવામાં આવતાં સચિવાલય કક્ષાએ પણ આ સન્નાટાની અસરો જોવા મળી રહી છે.

જાન્યુઆરી ૨૦૧૯માં વાયબ્રન્ટ ગુજરાત માટેનું આયોજન કરતાં પહેલાં આ બધી બાબતો અંગે મુખ્યમંત્રીશ્રી રૂપાણીએ જાતે જ સમીક્ષા કરવાનો નિર્ણય કરી સૌને ચોંકાવી દીધા છે. મળતી વિગતો પ્રમાણે રૂપાણી આ સમીક્ષા બેઠકમાં સરકારી અધિકારીઓ, બેંકના અધિકારીઓ, જિલ્લાના અધિકારીઓ અને ઔદ્યોગિક ક્ષેત્ર સાથે સંકળાયેલા સૌને હાજર રાખી સર્વગ્રાહી સમીક્ષા કરવાના મૂડમાં છે.

# શનિ-રવિની રજામાં પણ મનપાને ચાર લાખની આવક

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર મહાનગર પાલિકાને શનિ-રવિની રજા દરમિયાન રૂ. ચાર લાખથી વધુની વેરા-વસુલાતની આવક થવા પામી છે. ગાંધીનગર મનપા દ્વારા ઓનાલઈન પેમેન્ટ કરનાર કરદાતાને ૨ ટકા વિશેષ વળતરની યોજના અમલમાં મુકી હોવાથી આ આવક મનપાને થવા પામી છે. મનપા દ્વારા એડવાન્સ ટેકસ ભરનારને ૧૦ ટકા તેમજ આ ઉપરાંત ઓન લાઈન પેમેન્ટ કરનારને બે ટકા વિશેષ વળતરની યોજના બજેટમાં મંજૂર કરવામાં આવી હતી. ૨જી એપ્રિલથી આ યોજના અમલી બની છે અને ૩૧મી મે સુધી તે અમલમાં રહેવાની છે. મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે અત્યાર સુધીમાં સવા કરોડની આવક એડવાન્સ ટેકસ પેટે થઈ ચુકી છે. આ આવક આ વર્ષે ૧૦ કરોડ જેટલી થવાના અંદાજો છે. મનપાને મિલ્કત વેરા પેટે આ વખતે ૩૨ કરોડ જેટલી આવક થવાના અંદાજો છે.

મનપા દ્વારા વેરા આકારણી પધ્ધતિમાં કરાયેલા ફેરફારને કારણે આવકમાં વૃધ્ધિ થશે. જો કે વેરાના ભારણની સાથે મનપાના પે પેકેટમાં પણ વધારો થશે જેને કારણે આવક-જાવકના પાસા સરખા રહેશે તેમ મનાઈ રહ્યું છે.

# ટી.બી.ના દર્દીને ન્યુટ્રીશ્યન પોષણ સહાય પેટે માસિક રૂ. ૫૦૦ સરકાર ચુકવશે

## ગાંધીનગર જિલ્લામાં માસિક ૨૦૦ નવા કેસ મળતા હોય છે, સહાય માટે આવક મર્યાદાનું ધોરણ રાખવામાં આવ્યું નથી

ગાંધીનગર, તા.૧૫

ટી.બી.ના દર્દીઓને ન્યુટ્રીશ્યન પોષણ સહાય પેટે રૂ. ૫૦૦ દર મહિને ચુકવવાનો નિર્ણય રાજય સરકારે કર્યો છે.

ટી.બી.ના દર્દીઓને રૂ.૫૦૦ની આ ન્યુટ્રીશ્યન સહાય માટે કોઈ આવક મર્યાદા રાખવામાં આવી નથી. દર્દીએ આ સહાય મેળવવા માટે તેના બેંકના ખાતાની વિગત, આધારકાર્ડ નંબર તેમજ અન્ય જરૂરી વિગતો આપવાની રહેશે.

ગાંધીનગર જિલ્લામાં દર મહિને સરેરાશ ૨૦૦ જેટલા દર્દીઓ નોંધાતા હોય છે આ સહાયની ચૂકવણી માટે તંત્ર એ પણ તે અંગેના રેકર્ડ નિભાવણી સહિતની તૈયારીઓ પુરી કરી લીધી છે.

૧લી એપ્રિલથી આ સહાય ચૂકવવામાં આવશે અને આ અંગેની વિગતવાર માર્ગદર્શિકા પણ તંત્ર દ્વારા જારી કરી દેવામાં આવી છે. સહાયની રકમ દર્દીના ખાતામાં સીધી જમા આપવામાં આવશે તેવી સ્પષ્ટતા પણ સરકારે તેની માર્ગદર્શક સૂચનામાં કહી છે.

૨૦૨૫ સુધીમાં ટી.બી નિર્મૂલન અભિયાનના લક્ષ્યાંકને સિધ્ધ કરવાની વ્યુહ રચનાના ભાગરૂપે આ સહાય ચુકવવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનો પણ સરકારના સૂત્રોએ સ્વીકાર કર્યો છે.

આ સહાય મેળવવા પાત્ર દર્દી જિલ્લા ક્ષય અધિકારીની કચેરી ખાતે નોંધાયેલો હોવો જરૂરી છે. આરોગ્ય તંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે આ ન્યુટ્રીશ્યન સહાયને પગલે આ દર્દીઓના પુનઃવસનની કામગીરીને વેગ મળશે તેમજ તે અન્ય સમસ્યાઓથી પણ ઘેરાયેલો નહિ રહે.

# ગામતળના ખાલી પ્લોટોની વિગતો આપવા ટી.ડી.ઓ.ને તાકિદ કરાઈ

## ગરીબો માટેની આવાસ યોજનાના અમલીકરણ માટે રાજ્યભરમાંથી ખાલી પ્લોટોની વિગતો મંગાવાઈ

ગાંધીનગર, તા.૧૫

ગામતળના ખાલી પ્લોટો અંગે સમીક્ષા કરવા તેમજ ગામતળ નથી તેવા ગામોમાં ખરાબાના પ્લોટ શોધી વિગતવાર અહેવાલ આપવા માટે જિલ્લાના ચારેય તાલુકા વિકાસ અધિકારીઓને તાકીદ કરવામાં આવી છે.

ગરીબો માટે આવાસની યોજનાના અમલીકરણ માટેની આગામી વ્યુહરચના તૈયાર કરવાની દિશામાં જિલ્લા તંત્ર દ્વારા ગામતળની જગ્યા પરના ખાલી પ્લોટોની વગતો માંગી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં હવે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ગરીબો માટે આવાસ બનાવવામાં આવશે ત્યારે ખાલી પ્લોટ અને અને ગામતળ ઉપલબ્ધ નથી તેવા ગામોની વિગતો માંગવામાં આવી છે.

ગામતળ નીમ કરવા માટેની કરાયેલી દરખાસ્તોની છેલ્લી સ્થિતિનો પણ આ અહેવાલમાં ઉલ્લેખ કરવાનો રહેશે તેવી સૂચના સાથે અપાયેલ આ તાકીદમાં ગ્રામ્ય વિસ્તારમાં ખરાબાની કેટલી જગ્યાઓ ઉપલબ્ધ છે તે પણ દર્શાવવા જણાવાયું છે.

ગામતળની જમીનમાં થયેલા દબાણો દૂર કરાયા નથી પણ હવે ત્યાં કેટલા પ્લોટ ખાલી પડયા છે તે અંગેનો અહેવાલ માંગવામાં આવતાં પંચાયતી રાજકારણમાં ચર્ચાનો ગરમાવો આવ્યો છે.

# ગંભીર બિમારીમાંથી સ્વસ્થ બનેલા ગાંધીનગરના બે બાળકોને મનપસંદ ગીફટ

ગાંધીનગર, તા.૧૫

રાજકોટમાં કોકિલાબેન અંબાણી અને દિવ્ય ભાસ્કર દ્વારા શરૂ થયેલા સ્વસ્થ જીવન સુખી જીવન અભિયાનના કાર્યક્રમમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને કોકિલાબેન અંબાણી હોસ્પિટલના ચેરપર્સન શ્રીમતી ટીનાબેન અંબાણીના હસ્તે ગંભીર બિમારીની સારવાર બાદ સ્વસ્થ થયેલા ચાર બાળકોને તેમની મનપસંદ ગીફટ આપવામાં આવી હતી. ગાંધીનગરના ૧૦ વર્ષના યુસુફ સોરઠીયા, ધાંગ્રધ્રાની બાળા વિદ્યા ઝાલા અને ગાંધીનગરના કિશન છગાનીને વિવિધ ગેઈમ, રીમોર્ટ સંચાલિત હેલીકોપ્ટર ટોઈઝ અને અન્ય તેમની મનપસંદ કીટ આપવામાં આવી ત્યારે આ બાળકોને મહાનુભાવોના હસ્તે ગીફટ મેળવવાની તેમની ઈચ્છા પુરી થઈ તે અંગે આનંદ વ્યકત કર્યો હતો.

# પેથાપુરમાં આજે દબાણ હટાવવા માટે ખાસ ઝુંબેશ : પોલીસ બંદોબસ્ત ફાળવાયો

પેથાપુર, તા.૧૫

પેથાપુર નગરપાલિકા દ્વારા આજે દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવનાર છે.

૫૦ થી પણ વધુ દબાણ આ ઝુંબેશ દરમિયાન હટાવવાનું આયોજન કરાયું હોવાનું નગરપાલિકાના સૂત્રોએ જણાવ્યું છે. આ દબાણ હટાવ ઝુંબેશ માટે પોલીસ તંત્ર દ્વારા પુરતો બંદોબસ્ત પણ ફાળવવામાં આવ્યો છે તેમ આ સૂત્રોએ સ્વીકાર્યું છે.

નગરપાલિકાની કચેરી અને તેની આસપાસના વિસ્તારોમાં આ દબાણો છે આવી ઝુંબેશનો બીજો તબક્કો પણ આગામી દિવસોમાં યોજવાનું આયોજન હોવાનું આ સૂત્રોએ જણાવ્યું છે.

મળતી વિગતો મુજબ આ દબાણો છેલ્લા ઘણા વર્ષોથી થયેલા હતા અને તે દૂર કરવા માટેની ઉઠેલી માંગના અનુસંધાને આ ઝુંબેશનું આયોજન કરાયું છે.

# ચૂંટણીમાં હિન્દુઓના નામે મત મેળવીને વિશ્વાસઘાત : તોગડિયા

## ડો.પ્રવીણ તોગડિયાના બાગી તેવર : મોદીએ નક્કી કરવાનું છે કે, તેમને હિન્દુ સાથે રહેવું છે કે નહી : મંગળવારથી અમદાવાદમાં તોગડિયાના ઉપવાસ

અમદાવાદ,તા. ૧૫

ગઈકાલે ગુરુગ્રામ ખાતે યોજાયેલી વિહિપની ચૂંટણીમાં ડો.પ્રવીણ તોગડિયાની હકાલપટ્ટી બાદ આજે ડો.તોગડિયાએ શહેરના પાલડી વિસ્તારમાં આવેલ વણીકર ભવન ખાતે પૂજા વિધિ બાદ વિશ્વ હિન્દુ પરિષદના હજારો કાર્યકરો સાથે મુલાકાત અને ચર્ચા કરી હતી. વિહિપ કાર્યાલય ખાતે આજે રાજયભરમાંથી હજારો કાર્યકરો ડો.તોગડિયાના સમર્થનમાં ઉમટી આવ્યા હતા. દરમ્યાન ડો.પ્રવીણ તોગડિયાએ હવે તેમના બાગી તેવર બતાવતાં આજે જણાવ્યું હતું કે, ૨૦૧૪ની ચૂંટણીમાં હિન્દુઓના નામે મત લઈને છેતરપિંડી કરવામાં આવી છે. હિન્દુઓની માંગને લઈને તેઓ તા.૧૭મી એપ્રિલ, મંગળવારથી આમરણાંત ઉપવાસ પર ઉતરશે. રામમંદિર, ગૌ હત્યા રોકવા અને કોમન સિવિલ કોડ મુદ્દે નરેન્દ્રભાઈને વચન પાલન કરાવવા હું સત્યાગ્રહ કરવા જઈ રહ્યો છું. અમે તો દેશના કરોડો હિન્દુઓના હિત માટે લડતા રહીશું. હવે નરેન્દ્રભાઈને નક્કી કરવાનું છે કે, તેઓ હિન્દુઓ સાથે છે કે નહી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, છેલ્લા છ મહિનાથી મારા પર દબાણ હતું કે, રામ મંદિર

● અનુસંધાન પાન-૭ પર



નીલગાયના ટોળા શહેરમાં.. - ગાંધીનગરમાં છેલ્લા કેટલાય વખતથી નીલગાયની અવરજવર રોજીંદી બની રહી છે... નવા સેકટરોમાં રહેણાંકના બાગ-બગીચાઓને નીલાગાયની અવરજવરથી ભારે નુકસાન થયું છે... આ ઉપરાંત રાહદારીઓ અને વાહનચાલકોને પણ ઈજા થયાની અનેક ઘટનાઓ નોંધાઈ છે... હવે તો જુના સેકટરોમાં પણ નીલગાયના ટોળા દેખાઈ રહ્યા છે... સેકટર-૨૮ અને સેકટર-૨૯ના રહેણાંક વિસ્તારોમાં રવિવારે નીલગાયના ટોળેટોળાની અવરજવરથી વસાહતીઓ ચિંતામાં મુકાયા હતા... જોકે હવે એવું લાગી રહ્યું છે કે નીલગાયને ગાંધીનગર શહેરના રહેણાંક વિસ્તારોમાં ટહેલવાનું ફાવી ગયું છે... રાત્રિ અને દિવસ દરમિયાન પણ નીલગાય નવા સેકટરોમાં તો જાણે રાહદારીઓની જેમ અવરજવર કરી રહી છે.... હવે નીલગાયની અવરજવર પર નિયંત્રણ આવે એવું શહેરીજનો ઈચ્છી રહ્યા છે....

આપને આંગણે આવ્યો અવસર ખાસ
ઉજવણીમાં ભરીશું અમે પ્રેમની મીઠાશ
હરેક પ્રસંગની યાદગાર ઉજવણી માટે
ભવ્ય બેન્કવેટ હોલ અને પાર્ટીપ્લોટ
આપની નજીક
રાધે બેન્કવેટ હોલ
• ૭૦ થી ૮૦ વ્યક્તિની ક્ષમતા
• આકર્ષક એમ્બિયન્સ
• આધુનિક સુવિધાથી સજ્જ
• કેટરિંગ સુવિધા ઉપલબ્ધ
કેશવમ પાર્ટી પ્લોટ
• ૨૦૦ થી ૨૫૦૦ વ્યક્તિની ક્ષમતા
• વિશાળ રમણીય ગાર્ડન
• આકર્ષક એન્ટ્રી અને આધુનિક સુવિધાવાળુ સ્ટેજ
• આઉટસાઇડ કેટરિંગ આવકાર્ય
મહેંદી | સંગીત | રિંગ સેરેમની | લગ્ન | રિસેપ્શન | બર્થ ડે
બેબી શાવર | એનિવર્સરી | ગેટ-ટુ-ગેધર | કોર્પોરેટ ઇવેન્ટ
રાધે બેન્કવેટ હોલ: ૨૦૫, ડીસ્ટ્રીકટ શોપિંગ સેન્ટર, સેક્ટર ૨૧, ગાંધીનગર
સંપર્ક: ૭૬૯૮૦ ૫૦૧૧૧ | ૯૯૦૯૯ ૫૫૬૫૦
કેશવમ પાર્ટી પ્લોટ: પેથાપુર-મહુડી રોડ, પેથાપુર
સંપર્ક: ૯૮૨૫૪ ૫૦૧૧૧ | ૯૯૦૯૯ ૫૫૬૫૫
www.purplephase.in
રાધે Prem Ni Mithaas
Buy Sweets Online on premnimithaas.com

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

હવે, શહેરની મધ્યમાં...
The Flavours of Gujarati Traditional Snacks, Sweets & Street Food at
bansari TRADITIONAL
ભાતીગળ ભોજનનો આસ્વાદ
(A.C Restaurant)
MANAGED BY RUDRAKSH EVENT MANAGEMENT
Bansari Traditional
101, First Floor, Haveli Arcade, Near Hotel Fortune inn Haveli, Sector-11, Gandhinagar-382010. M. : 8871887150, M. : 8160053460

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com